# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-12-2024 Evening : 7.50 to 8.00
Day : Friday National News

## આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

***************************************************************************

1) સંસદના બંને ગૃહોની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત – લોકસભામાં 4 અને રાજયસભમાં 3 વિધેયક પસાર.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બે દિવસની કુવૈતની મુલાકાતે જશે.
3) **વિદેશ મંત્રાલયે 2005માં, સરહદ વિવાદના સમાધાન માટે પરસ્પર સ્વીકાર્ય માળખું શોધવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.**
4) **આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દેશભરમાં 36 કરોડથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા.**
5) **હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી અને ઓમ પ્રકાશ ચૌટાલાનું નિધન થયું. – પ્રધાનમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું.**
6) આગામી સાત દિવસ સુધી જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં તીવ્ર ઠંડી પડવાની હવામાન વિભાગની આગાહી.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PROCEEDINGS OF BOTH HOUSES OF PARLIAMENT

સંસદના બંને ગૃહોની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દેવામાં આવી છે. આજે સવારે જ્યારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે વિપક્ષી સભ્યોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ડૉ. આંબેડકર પરના નિવેદન પર સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા.

અધ્યક્ષ ઓમ બિરલાએ સાંસદોને નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને સંસદના કોઈપણ ગેટ પર વિરોધ પ્રદર્શન કરવાથી દૂર રહેવા વિનંતી કરી.

બીજી તરફ રાજ્યસભામાં હંગામાને કારણે ગૃહની કાર્યવાહી પહેલા બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. અધ્યક્ષ જગદીપ ધનખડે સાંસદોને વિનંતી કરી કે તેઓ જનતાના વિશ્વાસ અને અપેક્ષાઓનું સન્માન કરે.

બપોરે 12 વાગ્યે ગૃહની કાર્યવાહી ફરી શરૂ થઈ ત્યારે વન નેશન વન ઈલેક્શન બિલ માટે સંસદની સંયુક્ત સમિતિના 12 સભ્યોને નામાંકિત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

શ્રી ધનખડે સમાપન સત્રમાં ખેદ વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ સત્રમાં વિક્ષેપોને કારણે કામના કલાકો લગભગ 40 ટકા હતા. શ્રી ધનખડે જણાવ્યું હતું કે નિયમ 267 હેઠળ અયોગ્ય રીતે પ્રસ્તાવ મૂકવો એ ખેદજનક છે અને ગૃહને ગૌરવ સાથે કામ કરવું જોઈએ. બાદમાં તેમણે રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી. સંસદનું શિયાળુ સત્ર ગયા મહિનાની 25 તારીખે શરૂ થયું હતું.

## RIJIJU SESSION

સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભામાં સભ્યોની હાજરી 54 ટકાથી વધુ હતી, જ્યારે રાજ્યસભામાં 40 ટકાની હાજરી હતી. સંસદ સત્રના છેલ્લા દિવસે આજે નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું કે બંને ગૃહોમાં હાજરી ઓછી હતી અને દરેકે આ અંગે વિચારવું જોઈએ.

શ્રી રિજિજુએ કહ્યું કે લોકસભાની કુલ 20 બેઠકો અને રાજ્યસભાની 19 બેઠકો યોજાઈ હતી. તેમણે ગઈકાલે સંસદ ભવનમાં ભારતીય જનતા પાર્ટીના બે સાંસદો ઘાયલ થયાની ઘટનાની પણ નિંદા કરી હતી.

શ્રી રિજિજુએ કહ્યું કે સત્ર દરમિયાન લોકસભામાં ચાર બિલ અને રાજ્યસભામાં ત્રણ બિલ પસાર કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ સત્રમાં બંને

ગૃહોમાં ઈન્ડિયન એર બિલ-2024 પસાર કરવામાં આવ્યું હતું. શ્રી રિજિજુએ કહ્યું કે બંધારણ અપનાવવાની 75મી વર્ષગાંઠ નિમિત્તે સંસદના બંને ગૃહોમાં વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે લોકસભામાં 15 કલાકથી વધુ સમય સુધી ચર્ચા ચાલી હતી, જેમાં 62 સભ્યોએ ભાગ લીધો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદન સાથે ચર્ચાનો અંત આવ્યો. રાજ્યસભામાં 17 કલાકથી વધુ ચાલેલી ચર્ચામાં 80 સભ્યોએ ભાગ લીધો હતો અને ગૃહમંત્રી અમિત શાહના જવાબ સાથે સમાપ્ત થયું હતું.

## MINISTER OF FOREIGN AFFAIRS, PRIME MINISTER OF KUWAIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કુવૈતના અમીર શેખ મેશાલ અલ અહેમદ અલ-જાબીર અલ સબાહના આમંત્રણ પર આવતીકાલે બે દિવસની કુવૈતની મુલાકાતે જશે.

આ મુલાકાત દરમિયાન તેઓ કુવૈતના ટોચના નેતૃત્વ સાથે ચર્ચા કરશે. પ્રધાનમંત્રી કુવૈતમાં ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરશે. આજે નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના સચિવ અરુણ કુમાર ચેટરજીએ પત્રકારોને જણાવ્યું હતું કે છેલ્લા 43 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીની કુવૈતની આ પ્રથમ મુલાકાત હશે. પ્રધાનમંત્રીએ તાજેતરમાં આ વર્ષે સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્ર દરમિયાન કુવૈતના ક્રાઉન પ્રિન્સ સાથે મુલાકાત કરી હતી.

## MINISTRY OF EXTERNAL AFFAIRS - INDIA-CHINA

**વિદેશ મંત્રાલયે આજે જણાવ્યું હતું કે 2005 માં, ભારત અને ચીને રાજકીય ધોરણો અને માર્ગદર્શક સિદ્ધાંતોને અનુરૂપ, સરહદ વિવાદના સમાધાન માટે વાજબી, સમાન અને પરસ્પર સ્વીકાર્ય માળખું શોધવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી.**

આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ભારત અને ચીનના વિશેષ પ્રતિનિધિઓએ આ મહિનાની 18મી તારીખે બેઠક યોજી હતી. તેમણે કહ્યું કે સરહદ વિવાદના સમાધાન માટેના માળખા પર ચર્ચા કરવા ઉપરાંત, વિશેષ પ્રતિનિધિઓએ શાંતિપૂર્ણ સરહદ વ્યવસ્થાપન મુદ્દાઓની પણ વ્યાપક સમીક્ષા કરી.

એક પ્રશ્નના જવાબમાં પ્રવક્તાએ કહ્યું કે ભારત લોકતાંત્રિક, સ્થિર, શાંતિપૂર્ણ, પ્રગતિશીલ અને સમાવેશી બાંગ્લાદેશનું સમર્થન કરે છે. તેમણે કહ્યું કે ભારતે પરસ્પર વિશ્વાસ, આદર અને એકબીજાની ચિંતાઓ અને હિતોની પરસ્પર સંવેદનશીલતાના આધારે બાંગ્લાદેશ સાથે સકારાત્મક અને રચનાત્મક સંબંધ બાંધવાની તેની ઈચ્છાનો પુનરોચ્ચાર કર્યો છે.

મ્યાનમાર અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે વિદેશ સચિવ વિક્રમ મિસરી દેશની સ્થિતિ પર મ્યાનમારના પડોશીઓ સાથે અનૌપચારિક ચર્ચા કરવા બેંગકોક ગયા છે. તેમણે કહ્યું કે મ્યાનમારને લઈને ભારતની સ્થિતિ સ્થિર છે. ભારતે વિશ્વાસપાત્ર સંઘીય લોકશાહીની સ્થાપના દ્વારા વંશીય મુદ્દાઓના શાંતિપૂર્ણ ઉકેલ અને હિંસા બંધ કરવાની હાકલ કરી છે.

## LOK SABHA - AYUSHMAN CARD

સરકારે કહ્યું છે કે આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દેશભરમાં 36 કરોડથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા છે. સપ્ટેમ્બર 2018 માં ઝારખંડની રાજધાની રાંચીમાં શરૂ કરવામાં આવેલી આ યોજના હેઠળ, દરેક પરિવારને હોસ્પિટલમાં દાખલ થવા માટે દર વર્ષે 5 લાખ રૂપિયા સુધીનો વીમો આપવામાં આવે છે.

આરોગ્ય વિભાગના રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ,

દેશભરની વિવિધ હોસ્પિટલોમાં અત્યાર સુધીમાં 8.39 કરોડ દર્દીઓ દાખલ થયા છે, જેના પર 1.16 લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી છે. શ્રી જાધવે કહ્યું કે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને દિલ્હી જેવા રાજ્યો આ યોજના લાગુ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

### CHAUTALA PASSES AWAY

હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય રાષ્ટ્રીય લોકદળના વરિષ્ઠ નેતા ઓમ પ્રકાશ ચૌટાલાનું ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં આજે બપોરે નિધન થયું છે. તેઓ 89 વર્ષના હતા.

હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલા સાત વખત ધારાસભ્ય અને પાંચ વખત હરિયાણાના મુખ્યમંત્રી હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલાના નિધનથી ખૂબ જ દુઃખી છે. શ્રી મોદીએ કહ્યું કે શ્રી ચૌટાલા વર્ષો સુધી રાજ્યની રાજનીતિમાં સક્રિય રહ્યા અને ચૌધરી દેવીલાલજીના કાર્યને આગળ વધારવા માટે સતત પ્રયાસો કર્યા.

### HARSH MALHOTRA-JANADHAN

કોર્પોરેટ બાબતોના રાજ્ય મંત્રી હર્ષ મલ્હોત્રાએ કહ્યું છે કે પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ 54 કરોડથી વધુ ઝીરો-બેલેન્સ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું કે જે લોકો પહેલા બેંકિંગ સેક્ટર સુધી પહોંચતા ન હતા તેઓ હવે દેશની અર્થવ્યવસ્થામાં મોટો ફાળો આપી રહ્યા છે. 55 ટકા જનધન બેંક ખાતા મહિલાઓ દ્વારા ખોલવામાં આવ્યા છે, જ્યારે યોજનાના 66 ટકા લાભાર્થીઓ સમાજના ગ્રામીણ અને અર્ધ-શહેરી ક્ષેત્રના છે.

શ્રી મલ્હોત્રાએ વધુમાં જણાવ્યું હતું કે યોજના હેઠળ લગભગ 37 કરોડ રુપે કાર્ડ લોકોને આપવામાં આવ્યા હતા. આજે સરકાર અને લાભાર્થીઓ વચ્ચે કોઈ વચેટિયા નથી અને નાગરિકોને સરકાર તરફથી સીધો લાભ મળી રહ્યો છે. કેન્દ્ર સરકારની આરોગ્ય વીમા યોજના, આયુષ્માન ભારત યોજનાની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં લગભગ 36 કરોડ આયુષ્માન ભારત કાર્ડ ફાળવવામાં આવ્યા છે અને લગભગ 8 કરોડ 39 લાખ નાગરિકોએ આ યોજનાનો લાભ લીધો છે.

## IMD-WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં તીવ્ર ઠંડી પડવાની આગાહી કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ દરમિયાન પંજાબ અને રાજસ્થાનમાં તીવ્ર ઠંડીની સ્થિતિ યથાવત રહેશે. હિમાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને ઝારખંડમાં મોડી રાત અને રવિવાર સવાર સુધી અને પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને બિહારના અલગ-અલગ સ્થળોએ આવતીકાલ સુધી ગાઢ ધુમ્મસની શક્યતા છે. આગામી બે દિવસ સુધી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીમાં સાંજ અને રાત્રિ દરમિયાન ધુમ્મસની સંભાવના છે. આગામી પાંચ દિવસ દરમિયાન મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

દરમિયાન આજે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને ઓડિશાના ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે.

## SITHARAMAN-PRE BUDGET CONSULTATIONS

**કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ નાણાકીય વર્ષ 2026 ની કેન્દ્રીય બજેટની તૈયારીઓ માટે જેસલમેરમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ સાથે પૂર્વ-બજેટ બેઠક કરી રહ્યા છે. આ બેઠકમાં રાજયકક્ષાના રાજયમંત્રી પંકજ ચૌધરી પણ ભાગ લઈ રહ્યા છે.**

**આ બેઠકમાં ગોવા, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, મેઘાલય અને ઓડિશાના મુખ્યમંત્રીઓ, અરુણાચલ પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રીઓ પણ હાજર રહ્યા છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ ઉપરાંત આર્થિક બાબતો અને ખર્ચના વિભાગોના સચિવો અને નાણા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. નાણામંત્રી આવતીકાલે જેસલમેરમાં યોજાનારી GST કાઉન્સિલની 55મી બેઠકની અધ્યક્ષતા પણ કરશે.**

## LS-KHATAR

સરકારે આજે લોકસભામાં જણાવ્યું હતું કે ખાતર વિભાગે ખરીફ સિઝન અને ચાલુ રવી સિઝન દરમિયાન દેશમાં પર્યાપ્ત માત્રામાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે.

લોકસભામાં પ્રશ્નના એક લેખિત જવાબમાં, કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું હતું કે દેશમાં તમામ મુખ્ય સબસિડીવાળા ખાતરો પર ઓનલાઈન વેબ સિસ્ટમ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે,

શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં કોઈ પણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાંથી જંતુનાશકોની અછત નોંધાઈ નથી. તેમણે કહ્યું કે ભારત

યુરિયા, ડીએપી, એનપીકે ખાતરોના સ્થાનિક ઉત્પાદન અને યુરિયા, ડીએપી જેવા તૈયાર ખાતરોની આયાત માટે રોક ફોસ્ફેટ, ફોસ્ફોરિક એસિડ અને કુદરતી ગેસ જેવા કાચા માલ પર નિર્ભર છે.